ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમને વર્ષ ૨૦૧૫-૧૬ માં યોજનાકીય કામગીરી માટે રૂ.૪૫૪.૨૫ લાખની શેરમુડીની મંજૂરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૫૨૦૧૫/૩૬૧૧૪૧/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- / /૨૦૧૬. 12 FEB 2016

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૪/૦૫/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૫/એનબી-૪૫૪/અ-૧ તેમજ તા:૨૨/૦૫/૨૦૧૫ નો સમાન ક્રમાંકનો સુધારા ઠરાવ.

૨. ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૨૮/૦૮/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ગુઅપવિનિ/૧૫/૧૦૮૪.

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક-૧ ઉપરના આ વિભાગના તા:૧૪/૦૫/૨૦૧૫ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમને વર્ષ:૨૦૧૫-૧૬માં રૂ.૪૫૪.૨૫ લાખની શેરમુડીની જોગવાઈ કરવામાં આવેલ છે. આ રકમની ફાળવણીની મંજૂરી આપવા માટે ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-૨ ઉપરના તા:૨૮/૦૮/૨૦૧૫ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

ઠરાવ:

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાના અંતે વર્ષ:૨૦૧૫-૧૬માં અનુસૂચિત જાતિ પૈકીના અતિ પછાત જાતિના ઈસમોને પેસેન્જર ઓટોરીક્ષા, મહિલા સમૃધ્ધિ યોજના અને માઈક્રોક્રેડીટ ફાઈનાન્સ યોજનાઓ માટે ધિરાણ આપવા માટે રૂ.૪૫૪.૨૫ લાખની શેરમુડીનો ખર્ચ કરવાની મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે:-

૧) અરજદાર મૂળ ગુજરાતનો વતની અને અનુસૂચિત જાતિ પૈકીના અતિ પછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.

૨) સદરહુ યોજનામાં આવકનું ધોરણ એન.એસ.એફ.ડી.સી.ની યોજના મુજબ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૮૧,000/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,03,000/- મુજબ રહેશે.

3) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહિ અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

૪) અરજદાર સંબંધિત વાહન ચલાવવા માટે લાઈસન્સ અને બેજ/ઓથોરાઈઝેશન ધરાવતા હોવા જોઈએ.

૫) વ્યાજ અને દંડનીય વ્યાજનો દર એન.એસ.એફ.ડી.સી., નવી દિલ્હી દ્વારા યોજનાદીઠ લાગુ કર મુજબ જ રાખવાનો રહેશે.

૬) આ યોજનાની વસુલાત નિયત કરેલ ૬૦ માસિક હપ્તામાં વ્યાજ સહિત પરત કરવાની રહેશે.

૭) અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈ પણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહિ.

૮) અરજદાર કે અરજદારના કુંટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઈએ નહિ.

૯) પેસેન્જર ઓટોરીક્ષા રીક્ષાના મોડેલની મંજૂરી સમયે આર.ટી.ઓ. રજીસ્ટ્રેશનનાં નોર્મ્સનું પાલન થાય તે જોવાની સંપુર્ણ જવાબદારી નિગમની રહેશે.

૧૦) વંચાણે લીધેલ તા: ૧૪/૦૫/૨૦૧૫ અને તા:૨૨/૦૫/૨૦૧૫ ના ઠરાવોમાં નક્કી કરેલ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૧/૦૯/૨૦૧૫ની નોંધથી અને સરકારશ્રીની તા:૦૫/૦૨/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કમલેશ શાહ)

**સરકારના નાયબ સચિવ**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (અ-૧ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.